| GJJN110007702024 | | રજુ તારીખ : | 19 | 11 | 2024 |
|---|---|---|---|---|---|
| | | દાખલ તારીખ : | 19 | 11 | 2024 |
| | | ફેસલ તારીખ : | 29 | 04 | 2026 |
| | | સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | | | 01 | 05 | 10 |
| | સત્યમેવ જયતે | આંક : ૫૪. | | | |

---

**મહેરબાન ભેસાણના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.ભેસાણ.**

---

**:: નમૂના–અ ::**

| | |
|---|---|
| ચૂકાદાની તારીખ | ૨૯/૦૪/૨૦૨૬. |
| **ફોજદારી કેસ નંબર** | **૬૦૬/૨૦૨૪.** |

**:: ગુનાની વિગત ::**

| | |
|---|---|
| ગુનાની કલમ | ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૨૧, ૨૯૬(બી), ૩૫૧(૨), ૫૪ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | ૧૧૨૦૩૦૦૭૨૪૦૨૯૮/૨૦૨૪. |
| પોલીસ સ્ટેશન | ભેસાણ પોલીસ સ્ટેશન. |
| ફરિયાદ પક્ષ | **શ્રી સરકાર**<br>(મુળ ફરિયાદી : કનકસિહ રેવતુભા ગોહીલ) |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી એમ.એચ.સિંધી. |
| બચાવ પક્ષ | **(૧) ચંદભાણ કિશોરભાઈ ગોરવીચાળા,**<br>ઉ.વ.૨૬, ધંધો : ખેતી,<br>રહે.ગોરવીચાળી, તા.ભેસાણ, જિ.જૂનાગઢ.<br><br>**(૨) મંગળુભાઈ ભીખુભાઈ પટગીર,**<br>ઉ.વ.૩૨, ધંધો : ખેતી,<br>રહે.કુંડળગામ, તા.બરવાળા, જિ.બોટાદ. |
| રજુઆત | વિ.વકીલ શ્રી વી.વી.રાણવા. |

**:: નમૂના–બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૦/૦૮/૨૦૨૪. |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૦/૦૮/૨૦૨૪. |
| આખરી અહેવાલની તારીખ | ૩૧/૧૦/૨૦૨૪. |

| | |
|---|---|
| તહોમતનામાની તારીખ | -- |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૨/૦૧/૨૦૨૫. |
| ચૂકાદા માટે રાખવાની તારીખ | -- |
| ચૂકાદાની તારીખ | ૨૯/૦૪/૨૦૨૬. |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | -- |

## :: આરોપીની વિગત ::

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમય ગાળો ફો.કા.સંહિતા ની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧<br>૨ | ચંદભાણ કિશોરભાઈ ગોરવીચાળા<br>મંગળુભાઈ ભીખુભાઈ પટગીર, | -- | -- | ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૨૨૧ ૨૯૬(બી),૩૫૧(૨), ૫૪ મુજબ. | -- | -- | -- |

## :: નમૂનો ક ::

### ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી

### અ. ફરિયાદ પક્ષના સાક્ષી

| ક્રમ. | પુરાવાનો પ્રકાર | સાહેદનું નામ | આંક |
|---|---|---|---|
| ૧. | પંચ સાહેદ | કલ્પેશભાઈ પીઠાભાઈ રાઠોડની જુબાની. | ૦૭ |
| ૨. | પંચ સાહેદ | દિપકભાઈ છગનભાઈ રાઠોડની જુબાની. | ૦૯ |
| ૩. | પંચ સાહેદ | જાહીદભાઈ અબુભાઈ સીપાહીની જુબાની. | ૧૧ |
| ૪. | ફરીયાદી | કનકસીંહ રેવતુભા ગોહીલની જુબાની. | ૧૩ |
| ૫. | પંચ સાહેદ | પ્રવિણભાઈ ડાયાભાઈ સોલંકીની જુબાની. | ૨૦ |
| ૬. | સાહેદ | પંકજકુમાર ઓમપ્રકાશ ગુજરાતીની જુબાની. | ૨૩ |
| ૭. | સાહેદ | શકિતસીંહ પ્રભાતસીંહ પરમારની જુબાની. | ૨૪ |
| ૮. | સાહેદ | મુન્નાભાઈ વાલાભાઈ ભાડકાની જુબાની. | ૨૫ |
| ૫. | ત.ક.અધિકારી | મનીષ નરસીંહભાઈ કાતરીયાની જુબાની. | ૨૯ |
| ૬. | પંચ સાહેદ | વિજયભાઈ શામજીભાઈ ગેગડાની જુબાની. | ૪૦ |
| ૭. | ત.ક.અધિકારી | અભેસીંગ જીગરભાઈ રાઠવાની જુબાની. | ૪૮ |
| ૪. | પંચ સાહેદ | ગોવિંદભાઈ મેઘાભાઈ ચાવડાની જુબાની. | ૪૯ |

**ફરિયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી**

**અ. ફરિયાદ પક્ષ**

| ક્રમ. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | બનાવવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ. | ૦૮ |
| ૨. | ટોયોટા ફોરચ્યુનર કાર કબજે કર્યા અંગેના પંચનામાની ખરી નકલ. | ૧૦ |
| ૩. | અસલ ફરીયાદ. | ૧૪ |
| ૪. | ફોર વ્હીલ કાર રજી.નં. જી.જે.૦૫.પી.જે. ૪૬૪૩ ની કબજે કર્યા અંગેના પંચનામાની ખરી નકલ. | ૨૧ |

**ડ. ભૌતિક પદાર્થ :** ભેંસાણ પોલીસ સ્ટેશન – ૧૧૨૦૩૦૦૭૨૪૦૨૯૮/એમ.પી./૧, તા.૧૯/૦૮/૨૦૨૪ માં જણાવ્યા મુજબ.

| અનુ. નં. | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ૧ | વાહન – ટોયોટા ફોરચ્યુનર કાર રજી નં. જી.જે.૨૩.બી.એલ.૫૧૫૫ |

**ઠ રા વ**

(૧). આ કામે ફરીયાદ પક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૧૦–૦૮–૨૦૨૪ ના રોજ કલાક ૧૮:૩૦ વાગ્યાના અરસામાં વડોદરા શહેર ડીસીબી પો.સ્ટે.ગુ.ર. નં.૧૧૧૯૬૦૧૦૨૪૦૦૧૧/૨૦૨૪, આઈ.પી.સી. કલમ–૪૦૬, ૪૨૦ મુજબના ગુનાની તપાસના કામે સાહેદ નં.૮ થી ૧૧ નાઓ ભેસાણ પોલીસ સ્ટેશન વિસ્તાર ખાતે આવી ગુનાના કામે રીકવર કરવાની સફદ કલરની એકસ.યુ.વી. ફોર વ્હીલ કાર રજી.નં.જી.જે.૦૫.પી.જે. ૪૬૪૩ ની અંદર લગાડેલ જી.પી.એસ. ટ્રેકર આધારે ટ્રેક કરતા ગાડી ભેસાણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગોરવીયાળી ગ્રાઉન્ડ પાસે બંધ હાલતમાં બિનવારસુ પાર્ક કરેલી મળી આવતા બે પંચો રૂબરૂ સદરહુ ગાડી પંચનામા વિગતે કબજે કરી,ટોઈંગ કરી ભેસાણ પોલીસ સ્ટેશન ખાતે લાવી ફરીયાદીને સાથે રાખી કલાક ૧૮–૩૦ વાગ્યાના આસપાસ સદરહુ ફોરવ્હીલ કાર ભેસાણ પોલીસ સ્ટેશને કંમ્પાઉન્ડમાં રાખવાની કાયદેસરની ફરજના ભાગ રૂપે તજવીજ કરતા તેવામાં આ કામના બંન્ને આરોપીઓ એક બ્રાઉન કલરની ટોયોટા કંપનીની ફોરચ્યુનર કાર રજી નં. જી.જે.૨૩.બી.એલ.૫૧૫૫ ની લઈ આવેલ અને ઉતરી

પોલીસ સ્ટેશનના મેઈન ગેઈટ પાસે રાડારાડી અને દેકારો કરવા લાગેલ અને બોલવા લાગેલ કે આ ગાડી અમારી છે અને ''અમો આ ગાડી તમોને અંદર નહી લઈ જવા દઈએ તેમ કહી જે ગાડી કબજે કરેલ હતી તે અંદર કંમ્પાઉન્ડમાં રખાવતા હતા ત્યાં વચ્ચે પડી અને રોકાવેલ અને ''અમો તમને આ ગાડી અંદર નહી લઈ જવા દઈએ આ ગાડી અમારી છે. પહેલા અમને અમારી ગાડીના પૈસા અપાવો તેમ કહી ફરીયાદીશ્રી તથા સાહેદો સાથે જીભાજોડી કરી, બોલાચાલી કરી, ભુંડી ગાળો આપી, ''તમોને જોઈ લઈશુ ''તેવી ધમકી આપી કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી, વધુ પોલીસ આવતા નાસી જઈ ગુન્હો કરેલ હોવાની ફરીયાદીએ ભેંસાણ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ લખાવતાં, ફરીયાદીની ફરીયાદ આધારે તપાસ કરનાર અધિકાઢ રીએ તપાસ હાથ ધરી, તપાસના અંતે હાલના આરોપીઓ વિરૂઘ્ધ હાલના ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ રાખેલ છે.

(૨). આ કામના આરોપીઓને ધોરણસર સમન્સની બજવણી થતાં તેઓ અદાલત રૂબરૂ હાજર થતા તેઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપી, આંક–૫ તથા આંક–૬ સુધી આરોપીઓની પ્લી નોંધવામાં આવતાં ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. જેથી ફરીયાદ પક્ષનો કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩). આ કામે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન ફરીયાદપક્ષ તરફે ઉપરોકત નમુના 'ક' માં જણાવ્યા મુજબ મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

(૪). ત્યારબાદ, આ કામે કેસ રેકર્ડ ઘ્યાને લેતા ફરીયાદ પક્ષે બીજા કોઈ સાહેદ તપાસવા ના બાકી રહેતા ન હોય અને વિ.એ.પી.પી.શ્રીએ મૌખીક વિનંતીથી ફરીયાદપક્ષે પુરાવો પુરો થયાનું જાહેર કરતા ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫). ત્યારબાદ, આ કામે રજુ થયેલ પુરાવાનાં અનુસંધાને ફોજદારી કાર્યવાહીનાં કાયદા ની ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૫૧ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન પ્રશ્નોતરી સ્વરૂપે લેવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ તેમની વિરૂઘ્ધના પુરાવાનો ઈન્કાર કરી, જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવ

માં સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે.વિશેષ માં તેઓ નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૬). આ કામે ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એમ.એચ.સીંધી તથા આરોપી ઓ તરફે વિધ્વાન વકીલ શ્રી વી.વી.રાણવાની દલીલો સાંભળવામાં આવેલ છે.જેમાં આ કામે ફરિયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધનો ગુનો વાજબી શંકાથી પર પુરવાર કરવા માં સફળ રહેલ હોઈ જે ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લઈ આરોપીઓને સખત સજા કરવા અરજ કરેલ છે, જયારે આ કામે આરોપી ઓ તરફે વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે,આ કામે આરોપીઓ વિરૂધ્ધ જે તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે તે મુજબનો ગુનો પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય જેથી આ કામે આરોપીઓને નિર્દોષ છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૭). ઉપરોકત તમામ હકીકતને ધ્યાનમાં લેતાં કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદૃા ઉપસ્થિત થાય છે.

**-:: મુદૃા ::-**

(૧). શું ફરીયાદપક્ષ એ હકીકત વાજબી શંકાથી પર સાબિત કરે છે કે, તાશીખ : ૧૦-૦૮-૨૦૨૪ તા.૧૦-૦૮-૨૦૨૪ ના રોજ કલાક ૧૮:૩૦ વાગ્યાના અરસામાં વડોદરા શહેર ડીસીબી પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૬૦૧૦૨૪૦૦૧૧/ ૨૦૨૪,આઈ.પી.સી. કલમ-૪૦૬,૪૨૦મુજબના ગુનાની તપાસના કામે સાહેદ નં.૮ થી ૧૧ નાઓ ભેસાણ પોલીસ સ્ટેશન વિસ્તાર ખાતે આવી ગુનાના કામે રીકવર કરવાની સફદ કલરની એકસ.યુ.વી. ફોર વ્હીલ કાર રજી.નં.જી.જે. ૦૫. પી.જે.૪૬૪૩ ની અંદર લગાડેલ જી.પી.એસ. ટ્રેકર આધારે ટ્રેક કરતા ગાડી ભેસાણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગોરવીચાળી ગ્રાઉન્ડ પાસે બંધ હાલતમાં બિનવારસુ પાર્ક કરેલી મળી આવતા બે પંચો રૂબરૂ સદરહુ ગાડી પંચનામા વિગતે કબજે કરી, ટોઈગ કરી ભેસાણ પોલીસ સ્ટેશન ખાતે લાવી ફરીયાદી ને સાથે રાખી કલાક ૧૮-૩૦ વાગ્યાના આસપાસ સદરહુ ફોરવ્હીલ કાર ભેસાણ પોલીસ સ્ટેશને કંમ્પાઉન્ડમાં રાખવાની કાયદેસરની ફરજના ભાગ રૂપે

તજવીજ કરતા તેવામાં આ કામના બંન્ને આરોપીઓ એક બ્રાઉન કલરની ટોયોટા કંપનીની ફોરચ્યુનર કાર રજી નં.જી.જે.૨૩.બી.એલ.૫૧૫૫ ની લઈ આવેલ અને ઉતરી પોલીસ સ્ટેશનના મેઈન ગેઈટ પાસે રાડારાડી અને દેકારો કરવા લાગેલ અને બોલવા લાગેલ કે આ ગાડી અમારી છે અને ''અમો આ ગાડી તમોને અંદર નહી લઈ જવા દઈએ તેમ કહી જે ગાડી કબજે કરેલ હતી તે અંદર કંમ્પાઉન્ડમાં રખાવતા હતા ત્યાં વચ્ચે પડી અને રોકાવેલ અને ''અમો તમને આ ગાડી અંદર નહી લઈ જવા દઈએ આ ગાડી અમારી છે. પહેલા અમને અમારી ગાડીના પૈસા અપાવો તેમ કહી ફરીયાદીશ્રી તથા સાહેદો સાથે જીભાજોડી કરી, બોલાચાલી કરી, ભુંડી ગાળો આપી, ''તમોને જોઈ લઈશુ ''તેવી ધમકી આપી કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી, વધુ પોલીસ આવતા નાસી જઈ, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૨૧, ૨૯૬(બી), ૩૫૧(૨), ૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કર્યો છે ?

(૨). આખરી શું હુકમ ?

(૮). ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## કા ર ણો

**મુદ્દા નં.૧ :–**

(૯). આ કામે ફરીયાદપક્ષે તહોમતદારો વિરૂધ્ધ એ પ્રકારનું તહોમત મુકવામાં આવેલ છે કે, બનાવ સમયે આ કામના આરોપીઓએ ફરીયાદી તથા સાહેદો પોલીસ કર્મચારીઓ હોય, તેઓને તેમની ફરજમાં રૂકાવટ કરી,જીભાજોડી કરી, જતા જતા જાહેરમાં ભુંડી ગાળો બોલી તમોને જોઈ લઈશુ તેવી ધમકી આપી, ગુનામાં એકબીજાને મદદગારી કરી, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૨૧, ૨૯૬(બી), ૩૫૧(૨), ૫૪ મુજબનો ગુનો કરેલ હોવાનો આક્ષેપ મુકવામાં આવેલ છે. ત્યારે ઉપર મુજબના ગુના

આરોપીએ આચરેલ છે તે હકીકત વાજબી શંકાથી પર, ફરીયાદ પક્ષે પુરવાર કરવી જોઈએ.

(૧૦). આ કામે **ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૨૧** વંચાણે લેવામાં આવે તો,

જે કોઈ વ્યક્તિ સ્વૈચ્છિક રીતે કોઈ જાહેર સેવકને તેના જાહેર ફરજો બજાવવામાં અવરોધે છે, તેને ત્રણ મહિના સુધીની કોઈપણ પ્રકારની કેદની સજા, અથવા બે હજાર પાંચસો રૂપિયા સુધીનો દંડ, અથવા બન્ને સજા થઈ શકે છે.

(૧૧). ઉપરોકત કલમ સમજવા માટે આ કામે **ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૯૬(બી)** વ્યથાની વ્યાખ્યા વંચાણે લેવામાં આવે તો,

અશ્લિલ કૃત્યો અને ગીતો :– જે પણ, અન્યની હેરાનગતિ માટે – કોઈપણ જાહેર સ્થળે કોઈ અશ્લિલ કૃત્ય કરે છે, અથવા કોઈપણ સાર્વજનીક સ્થાનમાં અથવા તેની નજીક કોઈપણ અશ્લિલ ગીત, લોકગીત અથવા શબ્દો ગાય છે, વાંચે છે અથવા ઉચ્ચાર કરે છે, તેને ત્રણ મહિના સુધીની મુદૃત માટે કોઈપણ વર્ણનની કેદ અથવા દંડ અથવા બન્ને સાથે શિક્ષા કરવામાં આવશે.

(૧૨). ઉપરોકત કલમ સમજવા માટે આ કામે **ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૫૧(૨)** વ્યથાની વ્યાખ્યા વંચાણે લેવામાં આવે તો,

જે કોઈ વ્યકિત ગુનાહિત ધમકી આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા મોતની અથવા આજીવન કેદની અથવા સાત વર્ષની સુધીની કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવાની હોય તો તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

આ કલમ લાગુ કરવા માટે નીચે મુજબના તત્વો જરૂરી છે.

(૧). આરોપીઓએ કોઈકને ઈજા કરવાને ઈરાદે ધમકી આપેલી અથવા તેની આબરૂ કે મિલકતને નુકશાન કરવા માટે ધમકી આપી હતી.

(૨). આરોપીઓએ ગુનાનો ભોગ બનનાર અને ચેતવણી આપવાના ઈરાદાથી આ કૃત્ય કરેલુ.

(૩). આરોપીઓએ કોઈ કૃત્ય ભોગ બનનારને થાય તે માટે કરેલુ કે જે માટે તે કાયદેસર બંધાયેલા હતા નહી.

**(૧૩)** આ કામે **ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૫૪** વંચાણે લેવામાં આવે તો,

પોતે હાજર ન હોય અને પોતે કરેલા દુષ્પ્રેરકના પરિણામે થયેલા જે કૃત્ય માટે દુષ્પ્રેરક તરીકે કોઈ વ્યકિત શિક્ષાને પાત્ર થાય એવુ કૃત્ય,પોતાની હાજરીમાં થાયતો તેણે પોતે તે કુત્ય અથવા ગુનો કર્યો છે એમ ગણાશે.

ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૫૪ અંગે નીચે મુજબના આક્ષેપિત તત્વો પુરવાર કરવાના રહે છે.

(૧). આરોપીએ ગુન્હાહિત બળ વાપરવા માટે કોઈ ચેષ્ટા કરી અથવા તૈયારી કરી,

(૨). ગુન્હાહિત બળ વાપરવામાં આવ્યુ છે તેવી વ્યાજબી દહેશત તે કારણે ભોગ બનનારમાં ઉભી થાય તેવા ઈરાદાથી આરોપીએ કૃત્ય કર્યુ અથવા તેવી દહેશત ઉભી થાય તેવો સંભવ હોવાનું આરોપી જાણતો હોય.

(૩). આવી ચેષ્ટા અથવા તૈયારીના કારણે ભોગ બનનારને વ્યાજબી દહેશત ઉભી થઈ હતી. આ મહત્વનું તત્વ છે કારણ કે હુમલામાંથી કોઈ ઈજા થતી નથી, પરંતુ હુમલો કરવામાં આવે તે પહેલાનો તબકકો છે અને આ હુમલાનાકારણે આગળ નું કૃત્ય થશે તેવી વ્યાજબી દહેશત ઉભી થાય ત્યારે આ ગુન્હો સંપુર્ણ બને છે.

(૪). ઓચીંતો અને ગંભીર ઉશ્કેરાટ આરોપીને ભોગ બનનારને આપ્યો ન હતો.

**(૧૪).** આ કામે આરોપીઓ વિરૂધ્ધનું ઉપરોકત તહોમત પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદપક્ષે આંક–૧૩

થી ફરીયાદી કનકસિંહ રેવતુભા ગોહીલની જુબાની થયેલ છે તેઓની સોગંધ ઉપરની જુબાની ધ્યાને લેતાં, તા.૧૦/૦૮/૨૦૨૪ ના રોજ તેઓ પોલીસ સ્ટેશન તેમની ફરજ પર હાજર હતા દરમ્યાન કલાક ૧૮–૩૦ વાગ્યે ડીસીબી પો.સ્ટે. વડોદરા ખાતેના પો.સ.ઈ. તથા તેમનો સ્ટાફ એક ફોરવ્હીલ કાર એકસ.યુ.વી. ડીસીબી. પો.સ્ટેશનના ગુનાના કામે કબજે લઈને આવેલ હતા જે દરમ્યાન એક ફોરચ્યુર્નર કાર લઈને બે વ્યકિતઓ આવેલ અને નીચે ઉતરી ડીસીબી પો.સ્ટેશનના પોલીસ સ્ટાફ સાથે તથા ફરીયાદી સાથે બોલાચાલી કરવા લાગેલ કે આ કાર કેમ અંદર રખાવો છો જેથી તેઓને ફરીયાદીએ નામ, ઠામ પુછતાં પોતે પોતાનુ નામ નંબર–૧. ચંદ્દભાણ ગઢવી રહે. ગોરવીચાળી તથા નં.ર. મંગળુભાઈ કાઠી રહે.કુંડળ, તા.બોટાદનાઓના હોવાનુ જણાવેલ અને તેઓ બોલવા લાગેલ કે આ કાર અમો અંદર નહી રાખવા દઈએ. જાહેરમાં ભુંડીગાળો બોલવા લાગેલ અને તમોને જોઈ લઈશુ તેવુ કહેતા કહેતા તેઓ તેઓની ફોરચ્યુર્નર કારમાં બેસીને જતા રહેલા. આમ, ફરીયાદીની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરેલ. અસલ ફરીયાદ બતાવતાતેમા પોતાની સહી ઓળખી બતાવેલ છે. જે આ કામે આંક–૧૪ થી રજુ છે. જયારે આ કામે આરોપીઓ ના વિ.વ.શ્રી ધ્વારા કરવામા આવેલ ઉલટ તપાસમા ફરીયાદી જણાવે છે કે, ***"એ વાત ખરી છે કે તા.૧૦/૮/૨૦૨૦ ના રોજ હુ મારી ફરજ ઉપર હાજર હતો તેનો કોઈ આધાર ફરીયાદ સાથે જોડેલ નથી. એ વાત ખરી છે કે આ સમય દરમ્યાન મે કોઈ યુનિફોર્મ પહેરેલ નથી. એ વાત ખરી છે કે પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કેમેરા લગાડવામાં આવે છે. જે ચાલુ હાલતમાં છે.*** *એ વાત ખરી છે કે બનાવ પહેલે થી આરોપીઓને હુ ઓળખતો નહી. એ વાત ખરી નથી કે ડીસીબી પોલીસ સ્ટેશન વડોદરાવાળા જે વાહન લઈને આવેલ હતા તે વાહન ભેસાણ પોલીસ સ્ટેશનમાં રાખવાની કામગીરી મને સોંપવામાં આવેલ નથી.* ***એ વાત ખરી છે કે મને કામગીરી સોપેલી હોય તેવો કોઈ લેખીત આધાર મે ફરીયાદની સાથે રજુ કરેલ નથી.*** *એ વાત ખરી છે કે ફરીયાદ આપ્યા બાદ આરોપીઓ સાથે અન્ય બોલાચાલી કે બનાવ બનેલ નથી.* ***એ વાત ખરી છે કે આરોપીઓ ભુંડીગાળો શું શું બોલ્યા તેવા કોઈ સ્પષ્ટ ઉચ્ચારણ ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપીએ મને વ્યકિતગત***

***રીતે કોઈ ભુંડીગાળો આપેલ નથી સાહેદ જણાવે છે કે તમામ પોલીસ સ્ટાફ ઉભા હતા અને જાહેરમાં તમામને ગાળો આપેલી હતી. એ વાત ખરી છે કે ભેસાણ પોલીસ સ્ટેશનમાં તે સમયે બીજા પોલીસ સ્ટાફ હાજર હતા.''***

**(૧૫).** ત્યારબાદ, આ કામે ફરીયાદપક્ષે આંક–૨૩ થી સાહેદ પંકજકુમાર ઓમપ્રકાશ ગુજરાતીની તથા આંક–૨૪ થી સાહેદ શકિતસિંહ પ્રભાતસિંહ વાલાભાઈ ભાડકા ની સોગંધ ઉપરની જુબાની થયેલ છે તેઓની સોગંધ ઉપરની જુબાની ધ્યાને લેતાં, તેઓએ ફરીયાદ હકીકતને સમર્થનકારી હકીકતો જણાવેલ છે,જયારે આ કામે આરોપીઓના વિ.વ.શ્રી ધ્વારા કરવામા આવેલ ઉલટ તપાસમા ઉપરોકત સાહેદો જણાવે છે કે, *''એ વાત ખરી છે કે હુ વડોદરા ડીસીબી પોલીસ સ્ટેશનના ગુનાના કામે આવેલ હતો.* ***હુ જે ગાડી કબજે કરવા માટે આવેલ તે ગાડી કોની માલીકીની હતી તે મને ખબર નથી. એ વાત ખરી છે કે હુ ગોરવીયાળી ગામે તપાસમાં ગયેલો ત્યારે મારે આરોપીઓ સાથે કોઈ બોલાચાલી થયેલ નથી. એ વાત ખરી છે કે આરોપીના કબજા ભોગવટામાંથી વાહન કબજે કરેલ નથી.*** *એ વાત ખરી છે કે મે આરોપીઓને અગાઉ કયારેય જોયેલ નથી.* ***એ વાત ખરી છે કે ગોરવીયાળીથી વાહન કબજે કરેલુ તે જ વાહન પોલીસ સ્ટેશનમાં મુકેલુ. એ વાત ખરી છે કે આ બનાવમાં મને કોઈ વ્યથા થયેલ હોય અને કોઈ ઈજા થયેલ હોય તેવુ બનેલ નથી.એ વાત ખરી છે કે આરોપીઓ ચોકકસ શુ બોલ્યા તે મારા નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપીઓ ચોકકસ ભુંડીગાળો શું બોલ્યા તે હકીકત પણ મારા નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે ગોરવીયાળી ગામેથી જે ગાડી કબજે કરેલી તે પોલીસ સ્ટેશને મુકેલી તે મારી ફરજ દરમ્યાન કામગીરી કરેલ છે. એ વાત ખરી છે કે આરોપીઓએ મને કોઈ ગુનાહીત ધાક–ધમકી આપેલ નથી સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે તને જોઈ લઈશ તેવુ આરોપીએ જણાવેલુ.*** *એ વાત ખરી છે કે આ બનાવ બન્યો ત્યારથી આજદીન સુધી મારી સ્વૈચ્છાએ મારી ફરજ નિભાવુ છુ.* ***એ વાત ખરી છે કે બનાવ બન્યો ત્યારથી આજદીન સુધી મારે આરોપી ઓ સાથે બોલાચાલી થયેલ નથી. એ વાત ખરી છે કે આરોપીઓ સ્પેશીફીક મને જ ગાળો***

***આપતા હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે બનાવ સ્થળે મારા સિવાય ભેસાણ પોલીસ સ્ટેશનમાં ઘણા માણસો હતા.''***

(૧૬). ત્યારબાદ, આ કામે ફરીયાદપક્ષે આંક–૨૯ થી ત.ક.અમલદાર મનીષ નરસિંહભાઈ કાતરીયાની સોગંધ ઉપરની જુબાની થયેલ છે તેઓની સોગંધ ઉપરની જુબાની ધ્યાને લેતાં, તેઓને હાલના ગુનાની તપાસ મળતા બનાવ વાળી જગ્યાનુ પંચનામું કરેલુ જે આ કામે આંક–૮ થી રજુ થયેલ છે. ત્યારબાદ બનાવ વખતે વપરાયેલ વાહન આરોપીઓ પાસેથી કબજે લીધેલુ. જે અંગેનુ પંચનામુ કરેલ જે આ કામે આંક ૧૦ થી રજુ છે. તેઓએ આરોપીઓને અટક કરેલા અને હાલના ગુનાનુ ચાર્જશીટ કરેલુ, જયારે આ કામે આરોપીઓના વિ.વ.શ્રી ધ્વારા કરવામા આવેલ ઉલટતપાસ મા સાહેદ જણાવે છે કે, ***''એ વાત ખરી છે કે આરોપીને અટક કર્યા અંગેનુ કોઈ પંચનામુ કરેલ નથી. એ વાત ખરી છે કે સીસીટીવી ફુટેજની સીડી આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે આ કામે આરોપીઓની કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએથી કોઈ મુદામાલ કબજે કરેલ નથી. એ વાત ખરી છે કે આ કામે કોઈ સાહેદોના નિવેદનો મે લીધેલ નથી. એ વાત ખરી છે કે સાહેદોના કોઈ વિશેષ નિવેદનો લીધેલા નથી.''***

(૧૭). ત્યારબાદ, આ કામે ફરીયાદપક્ષે આંક–૪૮ થી સાહેદ અભેસીંગ જીગરભાઈ રાઠવા ની ઓનલાઈન ઝુમ એપ્લીકેશન દ્વારા સોગંધ ઉપરની જુબાની થયેલ છે તેઓની સોગંધ ઉપરની જુબાની ધ્યાને લેતાં, તા.૧૦/૮/૨૪ ના રોજ તેઓ ક્રાઈમ બ્રાંચ વડોદરા શહેરથી પોલીસ સ્ટાફ પંકજકુમાર ઓમપ્રકાશ તથા શકિતસિંહ પ્રભાતસીંહ તથા મુન્નાભાઈ વાલાભાઈ ભાડકા, ડી.સી.બી પોલીસ સ્ટેશન વડોદરાના ગુ.ર.નં. ૧૧૧૯૬૦૧૦૨૪૦૦૧૧/૨૦૨૪ ના કામે આઈ.પી.સી.કલમ ૪૦૬,૪૨૦ ના કામે એકસ.યુ.વી. ફોરવ્હીલ કાર જેના નંબર જી.જે.૦૫.પી.જે.૪૬૪૩ની અંદર લગાડેલ જી.પી.એસ.ટેકરના આધારે ટ્રેક કરતા સદરહુગાડી ભેસાણ પોલીસ સ્ટેશન વિસ્તાર ના ગોરવિયાળી ગામ પાસે બંધ હાલતમાં બીનવારસુ મળી આવેલ. જેથી પંચો રૂબરૂ પંચનામુ તેઓએ કરેલુ.જે પંચનામુ આંક–૨૧ થી રજુ છે જેમાં તેમની અને બે પંચો

ની સહીઓ ઓળખી બતાવેલ છે. કબજે કરી ગાડી ટ્રોઈંગ કરી ભેસાણ પોલીસ સ્ટેશને લાવી ભેસાણ પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ કનકસિંહ રેવતુભા ગોહિલને સાથે રાખી કલાક ૧૮–૩૦ વાગ્યે સદરહુ ફોરવ્હીલ પોલીસ કંમ્પાઉન્ડમાં રાખવાની તજવીજ કરતા હતા તે વખતે એક ફોરવ્હીલ જી.જે.૨૩.બી.એલ.૫૧૫૫ નો આવી તેમાંથી બે માણસો પોલીસ સ્ટેશનમાં ઉતરેલ રાડારાડી દેકારો કરવા લાગેલ કે આ ગાડી અમારી છે અમારી ગાડી અંદર નહી લઈ જવા દઈએ વચ્ચે પડી રોકાવેલ જેથી કનકસિંહ રેવતુભા તથા અમોએ બંન્ને ઈસમોના નામપુછતા એકે પોતાનુ નામ ચંદભાણ કિશોરભાઈ ગઢવી તથા બીજાનુનામ મંગળુભાઈ ભીખુભાઈ કાઠી હોવાનુ જણાવેલ. આમ, આ બંન્ને જણાએ સરકારી કર્મચારીઓ સાથે જીભા જોડી કરી ઉગ્ર થઈ, ભુંડીગાળો બોલી ફરજમાં રૂકાવટ કરેલી અને તમોને જોઈ લેશુ તેવુ બોલી ફોરવ્હીલ લઈ જતા રહેલા. આ બનાવ તેમની હાજરીમાં બનેલો. પોલીસે તેમનો જવાબ લીધેલો. જયારે આ કામે આરોપીઓના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમા સાહેદ જણાવે છે કે, *''એ વાત ખરી છે કે હુ જે ગાડી કબજે કરવા માટે આવેલ તે ગાડી કોની માલીકીની હતી તે મને ખબર નથી.* ***એ વાત ખરી છે કે હુ ગોરવીયાળી ગામે તપાસમાં ગયેલો ત્યારે મારે આરોપીઓ સાથે કોઈ બોલા ચાલી થયેલ નથી.એ વાત ખરી છે કે આરોપીના કબજા ભોગવટામાંથી વાહન કબજે કરેલ નથી.*** *એ વાત ખરી છે કે મે આરોપીઓને અગાઉ કયારેય જોયેલ નથી.એ વાત ખરી છે કે હુ આરોપીઓને નામજોગ ઓળખતો ન હતો સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે આરોપીઓને પોલીસ સ્ટેશને લાવી તેઓનુ નામ પુછતા તેઓએ પોતાનુ નામ જણાવેલુ.* ***એ વાત ખરી છે કે ગોરવીયાળીથી વાહન કબજે કરેલુ તે જ વાહન પોલીસ સ્ટેશનમાં મુકેલુ. એ વાત ખરી છે કે આ બનાવમાં મને કોઈ વ્યથા થયેલ હોય અને કોઈ ઈજા થયેલ હોય તેવુ બનેલ નથી.એ વાત ખરી છે કે આરોપીઓ ચોકકસ શુ બોલ્યા તે મારા નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે આરોપીઓ ચોકકસ ભુંડીગાળો શું બોલ્યા તે હકીકત પણ મારા નિવેદનમાં જણાવેલ નથી.*** *તે વાત ખરી છે કે ગોરવીયાળી ગામે જે વાહન કબજે કરેલુ તેનુ પંચનામુ અમોએ કરેલુ. તે વાત ખરી છે કે જે વાહન કબજે કરેલુ તે અંગેની નોંધ સ્ટેશન ડાયરીમાં કરવા માટે ભેસાણ*

*પોલીસ સ્ટેશને જાણ કરેલી અને તે જ રીતે ભેસાણ પોલીસ સ્ટેશનમાં મુદામાલની ગાડી રાખવા માટે અરજી આપેલી. તે વાત ખરી છે કે મુદામાલની પંચનામુ કરેલુ તે મે જાતે લખેલુ.* ***એ વાત ખરી છે કે મે પંચનામુ કરેલુ તે મુદામાલ ગાડીના નંબર જી.જે.૦૫.પી.જે.૪૬૪૩ હતો.*** *તે વાત ખરી છે કે આ વાહન મે કબજે કરેલ છે.* ***તે વાત ખરી છે કે અમોએ ભેસાણ પોલીસ સ્ટેશનમાં સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા માટે તેમજ મુદામાલની ગાડી રાખવા માટે જે રીપોર્ટ આપેલા તે રીપોર્ટમાં મુદામાલ વાહન નંબર જી.જે.૦૬.પી.જે.૪૬૪૩ લખેલ છે. તે વાત ખરી છે કે આ બંન્ને રીપોર્ટ મે મારા હસ્તાક્ષરમાં લખેલા.તે વાત ખરી છે કે આરોપીઓએ મારી સાથે કોઈ બોલાચાલી કરેલ નથી.*** *તે વાત ખરી છે કે અમારે અને આરોપીઓને આ ફરીયાદ બાદ કોઈ બોલાચાલી થયેલ નથી.* ***તે વાત ખરી છે કે મારા સીવાય ભેસાણ પોલીસ સ્ટેશનના બીજા સ્ટાફના માણસો હાજર હતા. તે વાત ખરી છે કે ભેસાણ પોલીસ સ્ટેશનમા સીસીટીવી કેમેરા લગાવેલ છે. તે વાત ખરી છે કે મે આ કામે સીસીટીવીના કોઈ ફુટેજ રજુ કરેલા નથી.''***

(૧૮). વધુમાં, ફરીયાદ પક્ષે આંક-૮ થી રજુ થયેલ બનાવવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ સંબંધે આંક-૭ થી પંચ સાહેદ કલ્પેશભાઈ પીઠાભાઈ રાઠોડ તથા આંક ૪૦ થી પંચ સાહેદ વિજયભાઈ શામજીભાઈ ગેગડાને સોગંધ ઉપર તપાસવામા આવેલ છે જેઓએ આંક-૮ વાળા પંચનામામા પોતાની સહી ઓળખી બતાવેલ છે પરંતુ,આ બંને પંચ સાહેદ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ ન હોય આ કામે વિ.એપીપીશ્રીએ આંક-૪૦ થી તપાસવામા આવેલ પંચ સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે અને આ અદાલતની પરવાનગીથી તેઓની ઉલટ તપાસ કરેલ છે, પરંતુ વિરુધ્ધની કોઈ હકીકતો બહાર આવેલ નથી. ત્યારબાદ આરોપીપક્ષે આ બંને પંચ સાહેદોની ઉલટ તપાસ કરવામા આવેલ છે. જેમા તેઓ જણાવે છે કે, તેઓએ માત્ર તૈયાર પંચનામા મા સહી કરેલી તે સિવાય પંચનામાની વિગતે કાઈ જાણતા નથી.આમ, ઉપરોકત પંચ સાહેદોના પુરાવાથી આંક-૮ વાળુ બનાવવાળી જગ્યાનુ પંચનામુ પુરવાર થતુ નથી.

**(૧૯).** ત્યારબાદ આ કામે, ફરીયાદ પક્ષે આંક–૧૦ થી રજુ થયેલ ટોયોટા ફોરચ્યુનર કાર રજી નં.જી.જે.૨૩.બી.એલ.૫૧૫૫ વાહન કબજે કરેલાના પંચનામાની ખરી નકલ સંબંધે આંક–૯ થી પંચ સાહેદ દીપકભાઈ છગનભાઈ રાઠોડ તથા આંક–૧૧ થી પંચ સાહેદ જાહીદભાઈ અબુભાઈ સિપાહીને સોગંધ ઉપર તપાસવામા આવેલ છે જેઓએ આંક–૧૦ વાળા પંચનામામા પોતાની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ, આંક–૧૦ વાળા પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી ત્યારબાદ આરોપી પક્ષે આ બંને પંચ સાહેદોની ઉલટ તપાસ કરવામા આવેલ છે. જેમા તેઓ જણાવે છે કે, તેઓએ માત્ર તૈયાર પંચનામામા સહી કરેલી તે સિવાય પંચનામાની વિગતે કાઈ જાણતા નથી. આમ, ઉપરોકત પંચ સાહેદોના પુરાવાથી આંક–૧૦ વાળુ ટોયોટા ફોરચ્યુનર કાર રજી નં.જી.જે.૨૩.બી.એલ.૫૧૫૫ વાહન કબજે કરેલાનુ પંચનામુ પુરવાર થતુ નથી.

**(૨૦).** ત્યારબાદ આ કામે, ફરીયાદ પક્ષે આંક–૨૧ થી રજુ થયેલ ફોરવ્હીલ કાર રજી નં. જી.જે.૦૫.પી.જે.૪૬૪૩ વાહન કબજે કરેલાના પંચનામાની ખરી નકલ સંબંધે આંક ૨૦ થી પંચ સાહેદ પ્રવિણભાઈ ડાયાભાઈ સોલંકીને સોગંધ ઉપર તપાસવામા આવેલ છે જેઓએ આંક–૨૧ વાળા પંચનામામા પોતાની સહી ઓળખી બતાવેલ છે પરંતુ, આ પંચ સાહેદ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ ન હોય આ કામે વિ.એપીપીશ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે અને આ અદાલત ની પરવાનગીથી તેઓની ઉલટ તપાસ કરેલ છે, પરંતુ વિરુધ્ધની કોઈ હકીકતો બહાર આવેલ નથી. ત્યારબાદ આરોપીપક્ષે આ પંચ સાહેદની ઉલટ તપાસ કરવામા આવેલ છે. જેમા તેઓ જણાવે છે કે, તેઓએ માત્ર તૈયાર પંચનામામા સહી કરેલી તે સિવાય પંચનામાની વિગતે કાઈ જાણતા નથી. આમ, ઉપરોકત પંચ સાહેદોના પુરાવાથી આંક–૨૧ વાળુ ફોરવ્હીલ કાર રજી નં.જી.જે.૦૫.પી.જે.૪૬૪૩ વાહન કબજે કરેલાનુ પંચનામુ પુરવાર થતુ નથી.

**(૨૧).** આમ આ કામે, ફરીયાદ પક્ષે તપાસવામા આવેલ દરેક સાહેદોનો સોગંધ ઉપરનો પુરાવો ધ્યાને લેતા આરોપીઓ સામે આ કામના ફરીયાદી તથા સાહેદોની

કાયદેસરની ફરજમા રુકાવટ કરવાના તેમજ તેઓની સામે ભુંડી ગાળો જાહેરમા બોલવાના અને તમોને જોઈ લઈશ તેવી ધમકી આપવા અંગેના આક્ષેપો છે તેવા સં જોગોમા આ સાહેદો બનાવના દીવસે તેઓની ફરજ ઉપર હતા તેવી હકીકત સૌ પ્ર થમ સાબીત કરવી પડે પરંતુ બનાવના દીવસે ફરીયાદી તથા સોગંધ ઉપર તપાસવામા આવેલ પોલીસ કર્મચારીઓ તેઓની ફરજ ઉપર હતા કે કેમ તેવો કોઈ પુરાવો ફરીયાદીપક્ષ તરફથી રજુ કરવામા આવેલ નથી. વધુમાં,આ કામે ફરીયાદપક્ષે આંક-૧૩ થી ફરીયાદી કનકસિંહ રેવતુભા ગોહીલની જુબાની ધ્યાને લેતાં,તેઓ તેમની ઉલટ તપાસમા કબુલ રાખે છે કે, તા.૧૦/૮/૨૦૨૦ ના રોજ તેઓ તેમની ફરજ ઉપર હાજર હતા તેનો કોઈ આધાર ફરીયાદ સાથે જોડેલ નથી તેમજ આ સમય દરમ્યાન તેઓએ કોઈ યુનિફોર્મ પહેરેલ નથી. તેઓ કબુલ રાખે છે કે,પોલીસ સ્ટેશન માં સીસીટીવી કેમેરા લગાડવામાં આવે છે જે ચાલુ હાલતમાં છે. વધુમા, ડીસીબી પોલીસ સ્ટેશન વડોદરાવાળા જે વાહન લઈને આવેલ હતા તે વાહન ભેસાણ પોલીસ સ્ટેશનમાં રાખવાની કામગીરી તેમને સોંપવામાં આવેલ તેવો કોઈ લેખીત આધાર તેઓએ ફરીયાદ સાથે રજુ કરેલ નથી તે હકીકતનો સ્વીકાર કરે છે. તેમજ કબુલ રાખે છે કે આરોપીઓ ભુંડીગાળો શું શું બોલ્યા તેવા કોઈ સ્પષ્ટ ઉચ્ચારણ ફરીયાદમાં જણાવેલ નથી તેમજ ભેસાણ પોલીસ સ્ટેશનમાં તે સમયે બીજા પોલીસ સ્ટાફ હાજર હતા. તેજ રીતે આંક-૨૩ ના સાહેદ પંકજકુમાર ઓમપ્રકાશ ગુજરાતી તથા આંક-૨૪ ના સાહેદ શકિતસિંહ પ્રભાતસિંહ વાલાભાઈ ભાડકા ની સોગંધ ઉપરની જુબાની ધ્યાને લેતાં, તેઓ જે ગાડી કબજે કરવા માટે આવેલ તે ગાડી કોની માલીકીની હતી તે મને ખબર નથી. તેઓને આરોપીઓ સાથે કોઈ બોલાચાલી થયેલ નથી. આ બનાવમાં મને કોઈ વ્યથા થયેલ હોય અને કોઈ ઈજા થયેલ હોય તેવુ બનેલ નથી. આરોપીઓ ચોકકસ શુ બોલ્યા તેમજ ચોકકસ ભુંડી ગાળો શું બોલ્યા તે હકીકત મારા નિવેદનમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે ગોરવીયાળી ગામેથી જે ગાડી કબજે કરેલી તે પોલીસ સ્ટેશને મુકેલી તે મારી ફરજ દરમ્યાન કામગીરી કરેલ છે. એ વાત ખરી છે કે આરોપીઓએ મને કોઈ ગુનાહીત ધાક-ધમકી આપેલ નથી સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે તને જોઈ લઈશ તેવુ

આરોપીએ જણાવેલુ. એ વાત ખરી છે કે આ બનાવ બન્યો ત્યારથી આજદીન સુધી મારી સ્વૈચ્છાએ મારી ફરજ નિભાવુ છુ. એ વાત ખરી છે કે આરોપીઓ સ્પેશીફીક મને જ ગાળો આપતા હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે બનાવ સ્થળે મારા સિવાય ભેસાણ પોલીસ સ્ટેશનમાં ઘણા માણસો હતા. ત્યારબાદ, આ કામે ફરીયાદપક્ષે આંક-૨૯ થી ત.ક.અમલદાર મનીષ નરસિંહભાઈ કાતરીયાની સોગંધ ઉપરની જુબાની ધ્યાને લેતાં, તેઓએ આરોપીને અટક કર્યા અંગેનુ કોઈ પંચનામુ કરેલ નથી કે સીસીટીવી ફુટેજની સીડી આ કામે રજુ કરેલ નથી તેમજ આ કામે આરોપીઓની કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી. તેઓ કબુલ રાખે છે કે બનાવ વાળી જગ્યાએથી કોઈ મુદામાલ કબજે કરેલ નથી તથા આ કામે કોઈ સાહેદોના નિવેદનો કે સાહેદોના કોઈ વિશેષ નિવેદનો લીધેલા નથી. ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક-૪૮ થી સાહેદ અભેસીંગ જીગરભાઈ રાઠવાની સોગંધ ઉપરની જુબાની ધ્યાને લેતાં, તેઓ જે ગાડી કબજે કરવા માટે આવેલ તે ગાડી કોની માલીકીની હતી તે તેમને ખબર નથી. તેઓ ગોરવીયાળી ગામે તપાસમાં ગયેલ ત્યારે તેમને આરોપીઓ સાથે કોઈ બોલાચાલી થયેલ નથી. આરોપીના કબજા ભોગવટામાંથી વાહન કબજે કરેલ નથી. ગોરવીયાળીથી વાહન કબજે કરેલુ તે જ વાહન પોલીસ સ્ટેશનમાં મુકેલુ. આ બનાવમાં તેમને કોઈ વ્યથા થયેલ હોય અને કોઈ ઈજા થયેલ હોય તેવુ બનેલ નથી.આરોપીઓ ચોકકસ શુ બોલ્યા તે તેમના નિવેદનમાં જણાવેલ નથી. આરોપી ઓ ચોકકસ ભુંડીગાળો શું બોલ્યા તે હકીકત પણ તેમના નિવેદનમાં જણાવેલ નથી. તેઓ કબુલ રાખે છે કે, તેઓએ પંચનામુ કરેલુ તે મુદામાલ ગાડીના નં.જી.જે. ૦૫.પી.જે.૪૬૪૩ હતોજયારે તેઓએ ભેસાણ પોલીસ સ્ટેશનમાં સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા માટે તેમજ મુદામાલની ગાડી રાખવા માટે જે રીપોર્ટ આપેલા તે રીપોર્ટમાં મુદામાલ વાહન નં.જી.જે.૦૬.પી.જે.૪૬૪૩ લખેલ છે. આ બંને રીપોર્ટ તેમના હસ્તાક્ષરમાં લખેલા હોવાનુ કબુલ રાખે છે. વધુમાં, આરોપીઓએ તેમની સાથે કોઈ બોલાચાલી કરેલ નથી તેમજ આ કામે સીસીટીવીના કોઈ ફુટેજ રજુ કરેલા ન હોવાનુ પણ કબુલ રાખે છે. આમ આ સમગ્ર બનાવમા આરોપીઓ કયા રજીસ્ટ્રેશન નંબર વાળી ગાડી લઈને આવેલા તે હકીકત ફરીયાદીએ તેમની સોગંધ ઉપરની જુબાનીમા

જણાવેલ નથી વધુમા આ કામે વડોદરા શહેર ડી.સી.બી. પો.સ્ટે.ના ગુના સબબ જે ફોરવ્હીલ ગાડી કબજે લેવામા આવેલ તે કબજે લેનાર સાહેદ અભેસીંગ જીગર ભાઈ રાઠવા તેમની સોગંધ ઉપરની જુબાની ધ્યાને લેતા સ્ટેશનડાયરીમા તેમજ પંચનામામા આ ગાડીના નંબરમા વિસંગતતા જણાય આવે છે વધુમા બનાવ બનેલ તે સમયે ફરીયાદી તથા સાહેદો તેમની ફરજ ઉપર હતા કે કેમ તે અંગેનો કોઈ પુરાવો રજુ થયેલ નથી. આ કામે બનાવ સમયના કોઈ સીસીટીવી ફુટેજ રજુ થયેલ નથી. આ કામના આરોપીઓ ભુડી ગાળો શુ બોલેલા તે હકીકત કોઈ સાહેદ જણાવતા નથી. તેમજ આરોપીઓની કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી તથા આ કામે આંક-૮ થી રજુ થયેલ બનાવવાળી જગ્યાના પંચનામુ આંક-૧૦ થી રજુ થયેલ ટોયોટા ફોરચ્યુનર કાર રજી નં.જી.જે.૨૩.બી.એલ.૫૧૫૫ વાહન કબજે કરેલાના પંચનામુ તથા આંક-૨૧ થી રજુ થયેલ ફોરવ્હીલ કાર રજી નં. જી.જે.૦૫.પી.જે.૪૬૪૩ વાહન કબજે કરેલાના પંચનામાની ખરી નકલ રજુ કરવામા આવેલ છે પરંતુ આ પંચનામાઓની અસલ ફરીયાદીપક્ષે રજુ થયેલ નથી તેમજ આ પંચનામા સંબંધે પંચ સાહેદોને તપાસવામા આવેલ છે પરંતુ તેઓ આ પંચનામાની હકીકતોને સમર્થન કરતા નથી અને તૈયાર પંચનામા મા પોલીસે સહીઓ લીધેલ હોવાનુ જણાવે છે આમ ઉપરોકત પંચનામાઓ પણ ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. જે સમગ્ર હકીકતો ધ્યાને લેતાં ફરીયાદીની ફરીયાદ હકીકત શંકા ઉપજાવે છે. આમ, આ સમગ્ર હકીકતો ધ્યાને લેતાં, આ કામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૧, ૫૪ મુજબ ના ગુનાના તત્વો પુરવાર થતા નથી.

(૨૨). વધુમાં, આ કામે આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૯૬(બી) તથા ૩૫૧(૨) મુજબના ગુનાનુ તહોમત છે, જેથી આ કામે પરંતુ ફરીયાદ હકીકત તેમજ ફરીયાદપક્ષે તપાસવામા આવેલ સાહેદોનો સોગંધ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં આ કામના આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને જાહેરમાં શું ભુંડી ગાળો બોલેલ તે હકીકત કોઈ સાહેદે જણાવેલ નથી. વળી ફરીયાદપક્ષે તપાસવામા આવેલ સાહેદો તેમની ઉલટ તપાસ દરમ્યાન કબુલ રાખે છે કે, ફરીયાદી આપ્યા બાદ આરોપીઓ સાથે અન્ય કોઈ બોલાચાલી કે બનાવ બનેલ નથી. તેમજ આરોપીઓએ બનાવ

બાદ તેઓનો કોઈ કોન્ટેકટ કરેલ નથી તેમજ તેઓને અને આરોપીઓને આ ફરીયાદ બાદ કોઈ બોલાચાલી થયેલ નથી.તેવી હકીકત જણાવેલ છે તે ઘ્યાને લેતા ભારતીય ન્યાય સંહીતાની કલમ–૩૫૧(૨) મુજબનો ગુનો સાબીત થતો નથી, તે માટે જાનથી મારી નાંખવાની ઘમકી આપવાના કારણે ફરીયાદી સતત ભયમા રહેતા હોવા જોઈએ અને રોજબરોજનું કૃત્ય કરવા અશકિતમાન થયેલ હોવાનું સાબીત કરવું જરૂરી છે. ભારતીય ન્યાય સંહીતાની કલમ–૨૯૬(બી) તથા ૩૫૧ (૨) મુજબનો ગુનો સાબીત કરવા આરોપી ઘ્વારા વપરાયેલા અસલ શબ્દો રેકર્ડ ઉપર આવવા જોઈએ. જો તેવા શબ્દો રેકર્ડ ઉપર આવેલા ન હોય તો ભારતીય ન્યાય સંહીતાની કલમ–૨૯૬(બી) મુજબનો ગુનો આચરવામા આવેલો છે તેવુ કહી શકાય નહી. વઘુમાં, આ કામે ***નામદાર ગુજરાત હાઈકોર્ટનાં પ્રવિણ બેચરભાઈ વણકર અને બીજાઓ વિરુઘ્ઘ સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૭(૧)જી.એલ.એચ.૩૩૭*** નાં ચુકાદામાં સ્પષ્ટ રીતે એવું ઠરાવેલ છે કે, ભારતીય દંડ સંહિતાની કલમ–૨૯૪(ખ), ૫૦૬(૨) મુજબનો ગુનો સાબીત કરવા આરોપી દવારા વપરાયેલ અસલ શબ્દો રેકર્ડ ઉપર આવવા જોઈએ. જો તે રેકર્ડ પર આવે નહીં તો સદર ગુનો આચરવામાં આવેલ છે તેવું કહી શકાય નહીં. વઘુમાં, ભારતીય ન્યાય સંહીતાની કલમ–૨૯૬(બી) માં લખ્યા પ્રમાણે અપમાન માત્ર ઈરાદા પૂર્વકનું જ નહીં પરંતુ અપમાનીત વ્યકિતને જાહેર શાંતિનો ભંગ કરવા અથવા અન્ય ગુનો કરવા ઉશ્કેરણી કરતું હોવું જોઈએ.

(૨૩). વઘુમાં, ***નામદાર ગુજરાત હાઈકોર્ટના મુનસાફખાન યાસીનખાન પઠાણ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૨(૧) જી.એલ.એચ.કયુ.જે.૪*** ના ચુકાદામા એવો સિઘ્ઘાંત પ્રસ્થાપિત કરેલ છે કે, ગુનાહીત ઘાક ઘમકી મૃત્યુ અથવા તો ગંભીર વ્યથા પહોંચાડવાની અપાયેલ ઘમકીનાં કારણે ફરીયાદીને ભયની ઘંટડી બજતી હોય તેવું લાગવું જોઈએ અને તેનાં મનમાં ગભરાટ ઉભો કરતું હોવું જોઈએ. વઘુમાં, આવી ઘમકીનાં કારણે ફરીયાદી ફરીયાદ નોંઘાવ્યા પછી કોઈ પણ સમયે પોતાની ફરજ અદા કરવાં માટે અશકિતમાન થયેલા હોવા જોઈએ. જો આવો પુરાવો રેકર્ડ ઉપર આવેલો ન હોય તો આ કામે ભારતીય ન્યાય સંહીતાની કલમ–૨૯૬(બી) તથા

૩૫૧(૨) મુજબનો ગુનો સાબીત થતો નથી.

**(૨૪).** વધુમાં, આ કામના ફરીયાદીએ તેમની ફરીયાદમાં જે પ્રકારના આક્ષેપો કરેલાં છે તે બાબતે પોતે પોતાના સોગંદ ઉપરના પુરાવામા આ કામના આરોપીઓને હાલના ગુના સાથે સાંકળી શકાય તેવો પુરાવો આપતા નથી. તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપીઓ સામે મુકવામાં આવેલ આક્ષેપો વાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે ત્યારે ફરીયાદ પક્ષે રજુ થયેલા પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને હાલના ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, ફરીયાદ પક્ષ આ કામના આરોપીઓ સામે જે પ્રકારના આક્ષેપો કરેલા છે તે મુજબનો સચોટ અને શંકારહીત પુરાવો રજુ કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે અને ફરીયાદ પક્ષના કેસમાં જયારે શંકા ઉત્પન્ન થતી હોય ત્યારે તેનો લાભ આરોપીઓને મળવા પાત્ર થાય છે.

**(૨૫).** વધુમાં, ફોજદારી કેસોમા આરોપી વિરૂધ્ધનો ગુનો ફરીયાદપક્ષે પોતાનો કેસ પોતાના પુરાવાથી વાજબી શંકાથી પર (બીયોન્ડ રીઝનેબલ ડાઉટ) સાબિત કરવાનો રહે છે અને ફરીયાદ પક્ષ જો પોતાનો કેસ સાબિત કરવા માં સફળ ન થાય તો તેનો લાભ હંમેશા આરોપી ને મળે.

**(૨૬).** વધુમાં, **નામદાર સર્વોચ્ચ અદાલતના વિરસિંઘ વિ.સ્ટેટ ઓફ યુ.પી., ((2014) 2 SCC 455)** Cri. Appeal No.256-257 of 2009 ના પેરા નંબર–૧૭ મા કરવામાં આવેલ અવલોકન ધ્યાને લઈએ તો, Legal system has laid emphasis on value, weight and quality of evidence rather than on quantity multiplicity or plurality of witnesses. It is not the number of witnesses but-quality of their evidence which is important as there is no requirement under the Law of Evidence that any particular number of witnesses is to be examined to prove/disprove a fact. Evidence must be weighed and not counted. It is quality and not quantity which determines the adequacy of evidence as has been provided under Sec.134 of the Evidence Act. As a general rule the Court can and may act on the testimony of a single witness provided he is wholly reliable. નામદાર શ્રી ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ***G.L.R.-2006(3),***

***MOHAMMED SALIM IBRAHIM QURESHI AND ANR. Vs. STATE OF GUJARAT, Page-2385*** ના કિસ્સામાં પેરા–૧૮.૧ માં કરવામાં આવેલ અવલોકન ધ્યાને લેવામાંઆવે તો, *The law enshrined in Sec.134 of the Evidence Act does not require any particular number of witnesses to prove a certain fact. Under Sec. 3, a fact will be presumed to have been proved when after considering the matter before it, the Court either believes it to exist or considers its existence to be so probable that a prudent man under the circumstances of a particular case believes that such fact existed. So in Ordinary course of law, the facts to be proved, should be proved in a manner which on objective basis satisfies the Court as in case of an ordinary prudent man of the existence of fact. The underlying object of Sec.134 is that it is not the number of witnesses nor the quantity of evidence adduced by the prosecution that counts, but it is the quality that counts. Further, the prosecution has always discretion to give up examination of witnesses to avoid duplication of evidence. A Public Prosecutor may give up witnesses to avert proliferation of evidence which could save much time of the Court unless examination of such a witness would achieve some material use. If examination of a witness would only have helped in duplication of the same category of evidence as the other eye-witnesses, the Public Prosecutor cannot be blamed for adopting the course of not examining him. (Para 18.1),* જે ચુકાદા સંદર્ભે હાલની કાર્યવાહી ધ્યાને લેવામાં આવે તો, કેસમાં કેટલા સાહેદો તપાસેલ છે તે મહત્વનું હોતુ નથી, પરંતુ તે સાહેદોએ આપેલ પુરાવાની ગુણવત્તા (કવોલીટી) મહત્વની બની રહે છે. એટલે કે સાક્ષીઓની સંખ્યા મહત્વની નહી પરંતુ સાક્ષીઓએ આપેલ પુરાવાની ગુણવત્તા મહત્વની બની રહે છે.

**(૨૭).** આમ,આ કામે ઉપરોકત ચુકાદાઓમા પ્રસ્થાપીત કરેલા સિધ્ધાંતો સાથે હાલના

કેસની કાર્યવાહી ધ્યાને લેવામાં આવે તો,ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ કોઈપણ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં, આરોપીઓને હાલના ગુના સાથે સાંકળી શકાય તેવો પુરાવો આપેલ નથી. જેથી હાલના ગુનાના કામે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૨૮). આમ, આ કામે ફરીયાદપક્ષ આ કામના આરોપીઓ સામે આક્ષેપ મુજબના ગુનાના તત્વો પુરવાર કરવા માટે રેકર્ડ ઉપર જે પુરાવો રજુ કરવો જોઈએ તે પુરાવો રજુ કરવામાં નિષ્ફળ નીવડેલ હોય જેથી મુદા નં.૧ નો મારો નિર્ણય ''નકારમાં'' ઠરાવું છું અને મુદ્દા નં.ર માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: <u>આખરી હુકમ</u> ::–

(૧). આ કામના આરોપીઓ નં. **(૧) ચંદભાણ કિશોરભાઈ ગોરવીચાળા,** ઉ.વ.૨૬, ધંધો : ખેતી, રહે.ગોરવીચાળી, તા.ભેસાણ, જિ.જૂનાગઢ તથા **(૨) મંગળુભાઈ ભીખુભાઈ પટગીર,** ઉ.વ.૩ર, ધંધો : ખેતી, રહે.કુંડળગામ, તા.બરવાળા, જિ.બોટાદને તેઓ વિરૂધ્ધના ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૨૧, ૨૯૬(બી), ૩૫૧(૨), ૫૪ મુજબના આક્ષેપીત ગુનાના તહોમતમાંથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) અન્વયે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨). આ કામે મુદ્દામાલ પાવતી નં.ભેંસાણ પોલીસ સ્ટેશન–૧૧૨૦૩૦૦૭૨૪૦૨૯૮/ એમ.પી./૧, તા.૧૯/૦૮/૨૦૨૪ માં જણાવ્યા મુજબ કબજે લીધેલ મુદ્દામાલ વાહન–ટોયોટા ફોરચ્યુનર કાર રજી નં.જી.જે.૨૩.બી.એલ.૫૧૫૫ સંબંધે અગાઉ જો વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવામા આવે છે અને જો કોઈ હુકમ થયેલ ન હોય તો અપીલ સમય બાદ આ વાહનની માલીકીની ખરાઈ કરી વાહન તેના માલીક ને સોપવા હુકમ કરવામા આવે છે.

(૩). આ કામે આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૪૮૧ મુજબ, એપેલેટ કોર્ટમાં હાજર રહેવા અંગેના રૂા.૫,૦૦૦/–ના સધ્ધર જામીન

તથા તેટલી જ રકમ ના જાત મુચરકા રજુ કરવા. આ જામીનખત તથા મુચરકા છ માસ સુધી ચાલુ રહેશે.

આ હુકમ આજ તારીખ : ૨૯ થી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૨૯/૦૪/૨૦૨૬.
મુ.ભેસાણ.

(જીતેશ જયેશકુમાર મોદી)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ભેસાણ.
(કોડ નંબર–જીજે ૦૧૩૯૧)